# ટેન્ડર ઓફર

ધી બનાસકાંઠા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓપ. બેંક લી., માટે ઓફિસ ચેર ખરીદવા ભાવો મંગાવવામાં આવે છે.

- પેઢીની વિગત પરિશિષ્ટ–૧ મુજબ આપવી.
- શરતો અને નિયમો પરિશિષ્ટ–૨ માં આપવામાં આવેલ છે.
- ભાવોની વિગત પરિશિષ્ટ–૩ માં આપવા.

મેનેજીંગ ડીરેકટર


THE BANASKANTHA DISTRICT CENTRAL CO-OP. BANK LTD.
**Head Office** : Banas Bhavan, Deesa Highway, Palanpur – 385001(B.K)
**Phone** : 02742 – 261305,261145
**E-mail** : info@banasbank.com | **Web** : www.banasbank.com
2025 International Year of Cooperatives
Cooperatives Build a Better World

પરિશિષ્ટ–૧

પેઢીની વિગત

૧. પેઢીનું નામ તથા :–

સરનામું :–

સંપર્ક નંબર :–

૨. પેઢીનો પ્રકાર :–

(પ્રોપરાઈટરશીપ/ ભાગીદારપેઢી/

કંપની /અન્ય)

૩. રજીસ્ટ્રેશન નંબર :–

૪. PAN નંબર

૫. GST નંબર :–

૬. ડિપોઝીટની રકમ રૂ.૨૦૦૦૦/– :–

1. NEFT
2. Date:
3. UTR No.

પેઢીનું નામ :–

સહી :–

સિકકો :–



THE BANASKANTHA DISTRICT CENTRAL CO-OP. BANK LTD.
**Head Office :** Banas Bhavan, Deesa Highway, Palanpur – 385001(B.K)
**Phone :** 02742 – 261305,261145
**E-mail :** info@banasbank.com | **Web :** www.banasbank.com

International Year of Cooperatives
Cooperatives Build a Better World

પરિશિષ્ટ–૨

**<u>શરતો અને નિયમો :–</u>**

૧. ટેન્ડર બેંકના મેનેજીંગ ડીરેકટરશ્રીને સંબોધીને કવર ઉપર "ઓફિસ ચેરના ભાવ" એમ સ્પષ્ટ લખી તા.૦૪/૦૮/૨૦૨૫ સમય સાંજના ૫:૦૦ વાગ્યા સુધી સંપૂર્ણ વિગતો સાથે ભરીને નીચેના બેંકના સરનામે મોકલવાનું રહેશે.

મેનેજીંગ ડીરેકટરશ્રી
ધી બનાસકાંઠા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓપ. બેંક લી.,
બનાસભવન, ડીસા હાઈવે,
પાલનપુર–૩૮૫૦૦૧
બનાસકાંઠા.

૨. ટેન્ડર કવર સિકકો મારી સીલબંધ કરીને મોકલવાનું રહેશે. એક પેઢી ધ્વારા માત્ર એકજ ટેન્ડર ભરવાનું રહેશે.

૩. ટેન્ડર સાથે રૂ.૨૦,૦૦૦/– સિકયુરીટી ડીપોઝીટના NEFT નીચે મુજબના બેંકના ખાતામાં કરવા.

Name : The Banaskantha District Central Co-op.Bank Ltd.,
A/c No. 95595000017
A/c Name : Security Deposit
IFSC : GSCB0BKD001

૪. ટેન્ડર ડીપોઝીટ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળશે નહી. નિષ્ફળ રહેલ પેઢીની સિકયુરીટી ડીપોઝીટ ઓફિસ ચેરના ભાવ નકકી કર્યા બાદ ૧ માસમાં પરત કરવામાં આવશે. સફળ રહેલ પેઢીની ડીપોઝીટ ટેન્ડરની મુદત પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે.

૫. ટેન્ડરની ચકાસણી મૂલ્યાંકન અને સરખામણી કરવાનું બેંકની મનસુફી પર રહેશે. અમુક અથવા બધા પેઢીઓ પાસેથી તેમના ટેન્ડર વિશે સ્પષ્ટતા માગી શકશે આવા સ્પષ્ટિકરણ માટે તેઓએ લેખિતમાં સ્પષ્ટતા આપવાની રહેશે. પેઢી ધ્વારા આપવામાં આવેલ સ્પષ્ટતા બેંકને યોગ્ય લાગશે નહી તો તેને ગેરલાયક ગણવાનો અધિકાર બેંકને રહેશે.

૬. બેંકને મળેલ ટેન્ડર પૈકી સૌથી નીચા ભાવનું કે મોડા મળેલ તથા અન્ય કોઈપણ ટેન્ડર અથવા તમામ ટેન્ડર કોઈપણ કારણ આપ્યા વિના નકારવાની સત્તા બેંક પાસે અનામત રહેશે. ટેન્ડરની શરતો અને નિયમોમાં ફેરફાર કરવાની સતા બેંક પાસે રહેશે. અને તે અંગે પેઢીઓ સાથે ચર્ચા કરવા, ખુલાસા આપવા કે પેઢીની રજુઆત

સાંભળવા બેંક બંધાયેલ રહેશે નહી.

૭. ટેન્ડરની શરતો ઉપરાંત રૂબરૂ નેગોશીયેશન વખતની મૌખિક સુચનાઓ પણ ટેન્ડરની શરતોજ ગણાશે. જે પેઢીઓને બંધનકર્તા રહેશે.

૮. ટેન્ડરમાં ચેકચાક જણાશે તો તે સ્વીકારવામાં આવશે નહી ટેન્ડર ભર્યા બાદ તેમાં કોઈ સુધારા કે ફેરફાર કરી શકાશે નહી. જે ટેન્ડરમાં જણાવેલ માર્ગદર્શીકાનું પાલન કરવામાં આવેલ નહી હોય તેનો બેંક ધ્વારા અસ્વીકાર કરવામાં આવશે

૯. ટેન્ડરમાં ભાવો માત્ર ભારતીય રૂપીયામાં આપવાના રહેશે જે તમામ ટેક્ષ સહીતના રહેશે.

૧૦. પેઢીએ દરેક વસ્તુ માટે પ્રતિ નંગ ભાવ ટેક્ષ, ટ્રાન્સપોર્ટેશન સહીત આપવાનો રહેશે.

૧૧. ઓર્ડર આપ્યાના દિન–૧૦ માં માલ પુરો પાડવાનો રહેશે.

૧૨. સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે પેઢીઓ પ્રતિસ્પર્ધાના કારણે ભાવ નીચા આપે છે ત્યારબાદ માલ પુરો પાડવામાં તેઓ નિષ્ફળ નીવડે છે. તેથી બેંકે નકકી કર્યુ છે કે જ પેઢી સમયમર્યાદામાં માલ પુરો પાડવામાં કે સેવાઓ પુરી પાડવામાં નિષ્ફળ જશે તેને બેંક ધ્વારા બ્લેકલીસ્ટ કરી ભવિષ્યમાં કોઈ ટેન્ડર આપવામાં આવશે નહી તેમજ ટેન્ડર ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૩. મંજુર થયેલ ટેન્ડરના ભાવ બે વર્ષ માટે માન્ય રહેશે.

૧૪. ટેન્ડરના ભાવ મંજુર થયેથી તમામ માલ બેંક પોતાની જરૂરીયાત મુજબ અવાર નવાર આર્ડર આપશે તે મુજબ "બનાસ ભવન" મુખ્ય કચેરી, ડીસા હાઈવે, પાલનપુર ખાતે માલ પુરો પાડવાનો રહેશે.

૧૫. માલ મળ્યાના ૧૫ દિવસમાં નાણાંની ચુકવણી કરવામાં આવશે.

૧૬. ઓફિસ ચેર માટે એક વર્ષ ઓનસાઈટ વોરંટી આપવાની રહેશે. ઓફિસ ચેર રીપેરીંગ જે તે શાખામાં જઈને કરવાની રહેશે.

૧૭. ગેરંટી/વોરંટી સમયગાળામાં તમામ પ્રશ્નોનું નિરાકરણ ૨ દિવસમાં કરવાની જવાબદારી પેઢીની રહેશે અને જો તે ન થઈ શકે તેમ હોય તો ૭ દિવસમાં તેની જગ્યાએ નવીન વસ્તુ આપવાની રહેશે. જો સમયમર્યાદામાં નવિન વસ્તુ નહી આપવામાં આવે તો બેંક તે વસ્તુ જાતે ખરીદી મુકી દેશે જેનો ખર્ચ પેઢી પાસેથી વસુલ કરવામાં આવશે અથવા ટેન્ડર ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે.

૧૮. ટેન્ડર ભરનાર તમામ પેઢીએ બેંક રૂબરૂ બોલાવે ત્યારે ઓફિસ ચેરના સેમ્પલ સાથે હાજર રહેવાનું રહેશે.

૧૯. તમામ જવાબદારીઓ અને ફરજો બીન તબદીલ પાત્ર છે.

૨૦. ટેન્ડરની શરતો અને નિયમોના અર્થઘટનમાં બેંકનો નિર્ણય આખરી ગણાશે.

૨૧. ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવાના તમામ હકક બેંકના મેનેજીંગ ડીરેકટરશ્રીને રહેશે.

૨૨. આ ટેન્ડર ટ્રાન્સફરેબલ નથી.

૨૩. ન્યાયનું ક્ષેત્ર પાલનપુર રહેશે.

ઉપરોકત તમામ શરતો કબુલ મંજુર છે.

પેઢીનું નામ :–

સહી :–

સિકકો :–



THE BANASKANTHA DISTRICT CENTRAL CO-OP. BANK LTD.
**Head Office :** Banas Bhavan, Deesa Highway, Palanpur – 385001(B.K)
**Phone :** 02742 – 261305,261145
**E-mail :** info@banasbank.com | **Web :** www.banasbank.com

2025
International Year of Cooperatives
Cooperatives Build a Better World

## પરિશિષ્ટ–૩

## ભાવની વિગત

| અ. નં | ઓફિસ ચેરની વિગત | ભાવ પ્રતિ નંગ | ભાવ રૂા. (તમામ ટેક્ષ તથા ટ્રાન્સ્પોર્ટેશન સહીત) |
|---|---|---|---|
| ૧ | મીડીયમ બેક મેસ ચેર, સ્ટાન્ડર્ડ બેક, બેક સ્ટ્રીપ હેવી મેસ, સીન્ક્રોનાઈઝડ મેકેનીઝમ, ક્રોમ સ્ટેન્ડ, કલાસ–૩ હાઈડ્રોલીક, સીટ પી.યુ. મોલ્ડ ૩ ઈંચ વીથ નાઈલોન વ્હીલ અથવા તેનાથી ઉચ્ચકક્ષાની ઓફિસ ચેર | ૧ | |
| | કુલ :– | | |

પેઢીનું નામ :–

સહી :–

સિકકો :–